# Narmada Macplast Drip Irrigation Systems Ltd.

Regd Office : **Plot No. 119-120, Santej- Vadsar Road,At. Santej,Taluka : Kalol, Dist.: Gandhinagar : 382721**
**Phone No. 079-27498670 Website: www.narmadadrip.com**
**CIN: L25209GJ1992PLC017791**


Date: 14th October, 2024

To,

The Secretary,
Corporate Relationship Department,
Bombay Stock Exchange,
1st Floor, New Trading Ring,
Rotunda Building, P.J. Towers,
Dalal Street,
Mumbai - 400 001

**Scrip Code - 531454**

**Sub: Compliance under Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015**

Dear Sir,

We would like to inform you that pursuant to Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ('LODR'), pleased find enclosed herewith copies of newspaper publication of audited financial result for the quarter and half year ended 30th September, 2024 as approved in the Board Meeting dated on 12th October, 2024 in the following newspapers on 14th October, 2024

- Lokmitra (Gujarati)
- Free Press Gujarat (English)

This is for your information and record purpose.

**Yours Faithfully,**
**For Narmada Macplast Drip Irrigation Systems Limited**

JITEN VRAJLAL VAGHASIA

Digitally signed by JITEN VRAJLAL VAGHASIA
Date: 2024.10.14 15:40:18 +05'30'

**Jiten Vrajlal Vaghasia**
**Whole-time Director**
**DIN: 02433557**

Encl: As above

## ૯ દિવસની રજા માટે નકલી મેડિકલ ડોક્યુમેન્ટ્સ તૈયાર કરવા બદલ સોફ્ટવેર ડેવલપરને રૂપિયા ૪.૧૯ લાખનો દંડ

નવી દિલ્હી,

સિંગાપોરની એક અદાલતે ૩૭ વર્ષીય સિંગાપુરની મહિલા સુ ચિન પર નકલી મેડિકલ ડોક્યુમેન્ટ્સ તૈયાર કરવા બદલ ૫,૦૦૦ સિંગાપોર ડોલર (આશરે રૂપિયા ૪.૧૯ લાખ)નો દંડ ફટકાર્યો છે. સુ ચિન, એક સોફ્ટવેર ડેવલપર તેની માતાની માંદગી અને અંગત તણાવ સાથે કામ કરતી વખતે નવ દિવસની રજા મેળવવા માટે નકલી હોસ્પિટલ પ્રમાણપત્ર બનાવવા બદલ કાનૂની મુશ્કેલીમાં આવી છે. સુ ચિન, જે ચીનની રહેવાસી છે અને ઈ્ઝ સિંગાપોર જીઈઝ નામની કંપનીમાં કામ કરતી હતી, તેણે એડોબ ફોટોશોપની મદદથી પોતાનું જૂનું મેડિકલ સર્ટિફિકેટ બદલ્યું. તેણે આ પ્રમાણપત્રનું હેડર બદલીને જીં.ની'જ ૐજૈંક્ર્ઙ્ગ અને હોસ્પિટલમાં દાખલ થવાની તારીખો ૨૩ માર્ચથી ૩ એપ્રિલ ૨૦૨૪ સુધી બદલવામાં આવી હતી. આ સાથે તેણે સર્ટિફિકેટમાં આપેલા ઊઇ કોડ સાથે પણ ચેડા કર્યા, જેથી તે માન્ય બતાવી શકાય. આ નકલી દસ્તાવેજના આધારે તેણે ૯ દિવસની રજા લીધી અને આ દરમિયાન તેને ૩,૫૪૧.૧૫ સિંગાપોર ડૉલર (લગભગ ૨.૯૭ લાખ રૂપિયા) પગાર તરીકે મળ્યો. જો કે તેની છેતરપિંડી ત્યારે પ્રકાશમાં આવી જ્યારે તેણે ૪ એપ્રિલે નોકરીમાંથી રાજીનામું આપ્યું અને કંપનીના ૐઈએ તેના દસ્તાવેજોની તપાસ કરી. જ્યારે ૐઈ એ ઊઇ કોડને સ્કેન કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તે નિષ્ફળ ગયો, શંકા ઊભી થઈ. જ્યારે તેની પાસે અસલ પ્રમાણપત્ર માંગવામાં આવ્યું ત્યારે તેણે અન્ય એક નકલી દસ્તાવેજ રજૂ કર્યો, જેનાથી મામલો વધુ ઘેરો બન્યો. આ ઘટના બાદ કંપનીએ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવી હતી.

કોર્ટમાં સુ ચિનના વકીલ રિચર્ડ લિમે જણાવ્યું હતું કે, તેમના અસીલનો આ પગલાં પાછળ કોઈ ખરાબ ઈરાદો નહોતો પરંતુ તે ખૂબ જ ભાવનાત્મક અને નાણાકીય દબાણ હેઠળ હતી. તેની માતા ચીનમાં ગંભીર હાલતમાં હતી અને સુ ચિન તેની એકલી સંભાળ રાખતી હતી. તેણે ખોટી રીતે દાવો કર્યો કે તેની રજા લંબાવવા માટે તે ખોટું બોલી કે તેની માતાનું મૃત્યુ થયું છે અને તેના સમર્થનમાં તેણે નકલી મૃત્યુ પ્રમાણપત્ર પણ રજૂ કર્યું. વધુમાં તેને તેની માતાના તબીબી ખર્ચનો સંપૂર્ણ બોજ ઉઠાવી રહી હતી અને ફ્રીલાન્સ કામ કરતી હતી. આ નાણાકીય અને ભાવનાત્મક દબાણે તેને આ છેતરપિંડી કરવા પ્રેરી હતી. કોર્ટે સજા દરમિયાન અન્ય બે સંબંધિત ગુનાઓને ધ્યાનમાં લીધા હતા. તેના વકીલે તેની માનસિક અને આર્થિક સ્થિતિને જોતા દયાની અપીલ કરી અને સુ ચિનને ??આખરે ૫,૦૦૦ સિંગાપોર ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો. સુ ચિન હવે બેરોજગાર છે, પરંતુ દંડ તેને તેની માતાની સંભાળ માટે ચીન પરત ફરવાની તક આપે છે. આ સમગ્ર મામલે કંપનીના ૐઈની ભૂમિકા મહત્વની હતી. જ્યારે ઊઇ કોડના સ્કેનમાં નિષ્ફળતા જોવા મળી, ત્યારે તેઓએ દસ્તાવેજોની ઊંડાણપૂર્વક તપાસ કરી અને આ તપાસ દરમિયાન જ નકલી ડોક્યુમેન્ટ્સ શોધી કાઢવામાં આવ્યું હતું. આ ઘટના દર્શાવે છે કે કેવી રીતે આધુનિક ડિજિટલ વેરિફિકેશન પદ્ધતિઓ છેતરપિંડીનો પર્દાફાશ કરવામાં મદદ કરી રહી છે. સુ ચિનનો કેસ દર્શાવે છે કે કેવી રીતે ભાવનાત્મક અને નાણાકીય તણાવ વ્યક્તિને ખોટા માર્ગે લઈ જઈ શકે છે, પરંતુ તે એ પણ શીખવે છે કે કટોકટીના સમયે છેતરપિંડીનો આશરો લેવાથી ગંભીર કાનૂની પરિણામો આવી શકે છે.

## S-400 એર ડિફેન્સ સિસ્ટમમાં દુશ્મન મિસાઈલને હવામાં જ નષ્ટ કરવાની શક્તિ

નવી દિલ્હી,

રશિયાએ જી-૪૦૦ના ત્રણ યુનિટ ભારતને આપ્યા છે. S-૪૦૦ એવી એર ડિફેન્સ સિસ્ટમ છે, જે હવામાં જ દુશ્મનની મિસાઈલને નષ્ટ કરવાની શક્તિ ધરાવે છે. વાયુસેના પ્રમુખ અમર પ્રીત સિંહે માહિતી આપી હતી કે S-૪૦૦ના ત્રણ યુનિટ ભારતને આપ્યા બાદ રશિયા હવે ૨૦૨૫માં S-૪૦૦ના વધુ બે યુનિટ આપશે. વાયુસેના પ્રમુખે વધુમાં કહ્યું કે ચીન એલએસી પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઝડપથી વિસ્તરણ કરી રહ્યું છે, જેના જવાબમાં ભારત પણ ઝડપથી બાંધકામમાં વ્યસ્ત છે.

ભારતે ૨૦૧૯ માં રશિયા પાસેથી પાંચ S-૪૦૦ સિસ્ટમ્સ ખરીદવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાંથી ત્રણ યુનિટ ભારતને રશિયા પાસેથી મળી ચૂક્યા છે, પરંતુ હજુ બે યુનિટ સપ્લાય કરવાના બાકી છે. યુક્રેન સાથે રશિયાનું યુદ્ધ શરૂ થવાને કારણે તે ભારતને બે યુનિટ સપ્લાય કરી શક્યું નથી. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાની મુલાકાત લીધી હતી. પોતાની મુલાકાત દરમિયાન જ તેમણે S-૪૦૦ મિસાઈલ સિસ્ટમની સપ્લાઈને લઈને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વાત કરી હતી. ભારતે રશિયા પાસેથી મળેલી ત્રણ S-૪૦૦ મિસાઈલ સિસ્ટમને ચીન સાથેના સરહદી વિસ્તારોમાં તૈનાત કરી છે. આમ કરવાથી ભારતની સરહદ પર સૈન્ય શક્તિ વધુ મજબૂત થઈ છે.

S-૪૦૦ એક એવું હથિયાર છે જે દુશ્મનની મિસાઈલોને હવામાં જ નષ્ટ કરી દે છે. S-૪૦૦ એ મોબાઈલ સરફેસ-ટુ-એર મિસાઈલ સિસ્ટમ છે. તે રશિયા દ્વારા વિકસાવવામાં આવ્યું છે. તે એરક્રાફ્ટ, ડ્રોન, ક્રુઝ મિસાઈલ અને બેલિસ્ટિક મિસાઈલ જેવા હવાઈ લક્ષ્યોને અટકાવવા અને તેનો નાશ કરવામાં સક્ષમ છે. S-૪૦૦ મિસાઈલ સિસ્ટમની વિશેષતા એ છે કે S-૪૦૦માં ચાર રેન્જની મિસાઈલો છે - ૪૦, ૧૦૦, ૨૦૦ અને ૪૦૦ કિલોમીટર. આ સિસ્ટમ ૧૦૦ થી ૪૦,૦૦૦ ફૂટની વચ્ચે ઉડતા દરેક લક્ષ્યને ઓળખી અને નાશ કરી શકે છે. તે ૯૨N૬E ઈલેક્ટ્રોનિકલી સ્ટીયર્ડ ફેઝ્ડ એરો રડાર સાથે ફીટ છે. આ રડાર લગભગ ૬૦૦ કિલોમીટરના અંતરથી અનેક લક્ષ્યોને શોધી શકે છે. ઓર્ડર મળ્યાની ૫ થી ૧૦ મિનિટમાં તે ઓપરેશન માટે તૈયાર છે. એક યુનિટમાંથી ૧૬૦ જેટલા ઑબ્જેક્ટ્સને એકસાથે ટ્રેક કરી શકાય છે. એક ટાર્ગેટ માટે બે મિસાઈલ છોડી શકાય છે. તે ૩૦ કિલોમીટરની ઉંચાઈ પર પણ પોતાના લક્ષ્ય પર હુમલો કરી શકે છે.

એકવાર ભારતીય વાયુસેના દ્વારા S-૪૦૦ ની પાંચેય સ્ક્વોડ્રન પ્રાપ્ત થઈ જાય, તે પછી ભારતમાં આ હવાઈ સંરક્ષણ પ્રણાલીના ભાગો બનાવવાની તૈયારી કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતમાં જી-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમની જાળવણી અને સમારકામ માટે એક ભારતીય કંપની અને રશિયન ઉત્પાદક અલ્માઝ-એન્ટે વચ્ચે કરાર લગભગ ફાઈનલ થઈ ગયો છે. આ ભારતીય અને રશિયન કંપનીઓનું સંયુક્ત સાહસ હશે. બીજા તબક્કામાં ભારતમાં સિસ્ટમ માટે જરૂરી ઘટકોનું ઉત્પાદન શરૂ કરવાની તૈયારી કરવામાં આવશે. આ હેતુ માટે રશિયન કંપની ભારતીય કંપની સાથે જોઈન્ટ વેન્ચર પણ બનાવશે અને ટેક્નિકલ સહાય પૂરી પાડશે. આ કામ માટે જરૂરી ટેક્નોલોજી પણ રશિયન કંપની આપશે. આ કામ ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થવાની આશા છે.

## જળ સંચય માટે 'કર્મભૂમિ થી જન્મભુમિ' અભિયાનનો પ્રાંરભ : સુરતમાં રહેતા અન્ય રાજ્યના અગ્રણીઓ પોતાના વિસ્તારમાં વોટર હાર્વેસ્ટીંગની કામગીરી કરશે

સુરત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૧માં 'કેચ ધ રેઈન'પ્રોજેકટની શરૂઆત કરી હતી. હવે સમગ્ર દેશમાં આ અભિયાન શરૂ કરવા માટે આયોજન થઈ રહ્યું છે. ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં જળસંચય અભિયાન આગળ વધારવા માટે જળ સંચય માટે કર્મભૂમિથી જન્મભુમી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં સુરતમાં રહેતા અન્ય રાજ્યના અગ્રણીઓ પોતાના વિસ્તારમાં વોટર હાર્વેસ્ટીંગની કામગીરી કરશે. આ ઉપરાંત રવિવારે ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાનના મુખ્યમંત્રીઓ, બિહારના નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં જળસંચય-જન ભાગીદારી જન આંદોલન અભિયાન કાર્યક્રમ યોજાશે.




આગામી રવિવારે સુરતમાં જળ સંચય જન ભાગીદારી અભિયાન સમગ્ર દેશ માટે રોલ મોડલ બને તે માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન મુખ્યમંત્રી, બિહારના નાયબ મુખ્યમંત્રી હાજર રહેશે, આ કાર્યક્રમની માહિતી આપવા માટે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. પત્રકાર પરિષદમાં કેન્દ્રીય જળ શકિત મંત્રી સી.આર.પાટીલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, કેચ ધ રેઈન પ્રોજેકટની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાંથી શરૂ કરી હતી. હાલમાં રાજ્યભરમાં ૮૦,૦૦૦થી વધુ રેઈન વોટર હાઈવેસ્ટીંગના કાર્યો માટેનું કમીટમેન્ટ મળી ચુકયું છે. રાજ્યની ઈન્ડસ્ટ્રીઝ, એન.જી.ઓ., સરકાર સાથે મળીને આગામી સમયમાં બે લાખથી વધુ રેઈન વોટર હાર્વેસ્ટિંગ લક્ષ્યાંક સુધી લઈ જવામાં આવશે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, રાજસ્થાન રાજ્યના સુરતમાં વસતા વેપારીઓ, ઉદ્યોગપતિઓએ રાજસ્થાનના તમામ ગામોમાં ગામદીઠ ચાર બોર કરીને વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારવા માટેની જવાબદારી લીધી છે. જયારે મધ્યપ્રદેશના વેપારીઓએ મધ્યપ્રદેશમાં ૩૫૦૦ ગામોમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ કામ કરશે. જયારે બિહારના પાંચ જિલ્લાના ગામોમાં વોટર રીચાજ'ગ માટેના કાર્યો બિહારના વતની અને સુરતમાં વસતા વેપારીઓ-ઉદ્યોગપતિઓ દ્વારા કરવામાં આવશે.

વરસાદી પાણીને જમીનમાં ઉતારી જ્યારે પણ જરૂર પડે ત્યારે પરત મળી રહે તે માટે યોજનાને આગળ વધારી રહ્યા છીએ. ગુજરાતમાં એપાર્ટમેન્ટ, સોસાયટીઓમાં લોકો વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારવા માટે બોર કરીને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. સુરતના પોલીસ સ્ટેશનો, હેડકવાર્ટર, સરકારી કચેરીઓમાં પણ છતનું પાણી ભુગર્ભમાં સંગ્રહ થાય તે માટેના રેઈન વોટર હાઈવેસ્ટીંગના કાર્યો થઈ રહ્યા છે.

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

## ગુજરાત હાઈકોર્ટમાં હવેથી હેલ્મેટ ફરજિયાત, નહીં તો એન્ટ્રી નહીં... ચીફ જસ્ટિસનું ફરમાન

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટે મંગળવારે (૮ ઑક્ટોબર) રાજ્યના અધિકારીઓને ૧૫ દિવસની અંદર ટુ-વ્હીલર સવાર, જેમાં પાછળ બેસનાર માટે પણ હેલ્મેટના નિયમનો કડક અમલ શરુ કરવાનો આદેશ આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ સુનીતા અગ્રવાલ અને ન્યાયમૂર્તિ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે આ મુદ્દાને ઉઠાવ્યો હતો. ચીફ જસ્ટિસે જાહેરનામું બહાર પાડી અધિકારીઓને ટુ-વ્હીલર પાછળ બેસનારને પણ ફરજિયાતપણે હેલ્મેટ પહેરવાનો આદેશ કર્યો છે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પાંજરાપોળ ચાર રસ્તા પર ફ્લાયઓવર બનાવવાની યોજનાનો વાંધો ઉઠાવનાર આંબાવાડીના નિવાસીઓ દ્વારા જનહિતની અરજી પર સુનાવણી દરમિયાન આ આદેશ કરવામાં આવ્યો છે. હાઈકોર્ટે આ અરજીના વિષયને વિસ્તૃત કરી તેમાં ટ્રાફિકની સમસ્યાનો પણ સમાવેશ કરી દીધો છે. જેમાં ચીફ જસ્ટિસે જણાવ્યું હતું કે, 'અહીં કોઈ હેલ્મેટ નથી પહેરતું. મેં અમદાવાદમાં પોતાના એક વર્ષના પ્રવાસ દરમિયાન કોઈ ટુ-વ્હીલર સવારને હેલ્મેટ પહેરતા નથી જોયો. મને હંમેશા નવાઈ લાગે છે કે, હેલ્મેટ પહેરવાનો આગ્રહ કેમ નથી રાખતા?'

આ જનહિતની અરજી પર સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે, 'બોડકદેવ વિસ્તારના રસ્તા પર સવારે ત્રણ વાગ્યા સુધી વાહનોની અર-જવર રહે છે. આ મુંબઈમાં મુસાફરી કરવા જેવું છે. તેમ છતાં અહીં સવારે કે સાંજે કોઈ હેલ્મેટ નથી પહેરતું. તેથી મને સમજ નથી પડતી કે, આ લોકો (ટ્રાફિક પોલીસ) શું કરી રહ્યા છે? હેલ્મેટ ન પહેરવા પર ચલણ? જો કોઈ હેલ્મેટ પહેરતું જ નથી તો ચલણ કાપવાનો અર્થ શું છે? પછી તે વીણી-વીણીને પોતાનું મન થાય, ત્યારે અમુક લોકોને પકડી લે છે. બપોર સુધી, થાકી જાય અને પછી પકડવાનું પણ બંધ કરી દે. પછી એક અઠવાડિયા સુધી શાંતિ અને પાછું ફરી આ શરુ થઈ જશે.'

ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે આ મુદ્દો ઉઠાવ્યો હતો અને પાંજરાપોળ ક્રોસરોડ પર ફ્લાયઓવર બાંધવાની અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની યોજના સામે વાંધો ઉઠાવતી આંબાવાડીના રહેવાસીઓ દ્વારા દાખલ કરાયેલી PILની સુનાવણી દરમિયાન ટુ-વ્હીલર સવારો અધિકારીઓને હેલ્મેટ પહેરવાનો આદેશ આપ્યો હતો. ન્યાયાધીશોએ જનહિતની અરજીનો વ્યાપ વિસ્તારવાનો આદેશ આપ્યો હતો અને શહેરમાં ટ્રાફિકની સ્થિતિ, એસજી રોડ પરની સમસ્યાઓ અને ફ્લાયઓવર બનાવવાની શક્યતાને ધ્યાનમાં લેવાનો નિર્ણય કર્યો હતો.

આ સિવાય સેફ્ટી હેડગિયરનો ઉપયોગ ન કરવાની પ્રથાની ટીકા કરતાં મુખ્ય ન્યાયાધીશે કહ્યું, 'મેં અહીં હેલ્મેટની દુકાનો જોઈ નથી. ગુજરાતમાં કોઈ તેનું ઉત્પાદન કરતું નથી.'

આ ઉપરાંત, અરજદારોના વકીલે શહેરના રસ્તાઓ પર રોંગ સાઇડ પર વાહન ચલાવવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. જે મુદ્દે મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે આ મુદ્દા પર પણ ધ્યાન આપવું જોઈએ. આ વિષય પર ટિપ્પણી કરતાં ન્યાયમૂર્તિએ કહ્યું કે, પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓ છે કારણ કે તેણે એક વર્ષથી વધુ સમયથી ભરતી કરી નથી. હાઈકોર્ટે કહ્યું કે, ટ્રાફિક નિયમોનો ભંગ થાય ત્યારે તાત્કાલિક ધોરણે ઈ-ચલણ કાપવું જોઈએ.

## જામનગર શહેર બાદ વિજ તંત્ર દ્વારા બીજા દિવસે જામનગરના તાલુકા અને લાલપુર પંથકમાં વ્યાપક દરોડા : ૬૮.૩૦ લાખની વીજ ચોરી પકડાઈ



જામનગર

જામનગર શહેર ખંભાળિયા તેમજ ભાણવડ પંથકમાંથી સોમવારે વીજ તંત્ર દ્વારા ફરીથી વીજ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, અને ૪૧ વિજ ચેકીગ ટુકડીઓને દોડતી કરાવાઈ હતી. જે ચેકિંગ દરમિયાન ૮૫ વિજ જોડાણમાંથી રૂપિયા ૩૮.૧૫ લાખના વીજ ચોરી પકડી લેવાયા બાદ ગઈકાલે મંગળવારે જામનગર તાલુકાના ગ્રામ્ય પંથક અને લાલપુર પંથકમાંથી વધુ ૬૮.૩૦ લાખની વિજ ચોરી ઝડપી લેતાં બે દિવસમાં જ વીજ ચોરીનો કુલ આંક એક કરોડને પાર પહોંચ્યો છે. જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરીની ચેકિંગ ડ્રાઈવ દ્વારા ગઈકાલે સવારે સતત બીજા દિવસે વિજ ચેકિંગ ચાલુ રખાયું હતું, અને જામનગર તાલુકાના મોટી ખાવડી, શાપર, બેડ, વસઈ, રાવલસર, સિક્કા પાટિયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ઉપરાંત લાલપુર સીટી અને લાલપુરના ગ્રામ્ય વિસ્તારમાં વીજ ચેકિંગ કરાયું હતું. કુલ ૪૭ જેટલી વિજ ચેકિંગ ટુકડીને વહેલી સવારથી દોડતી કરવામાં આવી હતી, જેના માટે ૧૬ નિવૃત આર્મીમેન અને ૧૧ લોકલ પોલીસમેંન તેમજ ૧૩ એસઆરપીના જવાનોને મદદમાં જોડવામાં આવ્યા હતા. સમગ્ર દિવસ દરમિયાન કુલ ૬૦૯ વીજ જોડાણ ચેક કરવામાં આવ્યા હતા. જે પૈકી ૯૬ વિજ જોડાણમાંથી ગેરરીતી મળી આવી છે, અને તેઓને રૂપિયા ૬૮.૩૦ લાખના વિજચોરીના પુરવણી બિલો અપાયા છે.

વીજ તંત્ર દ્વારા માત્ર બે દિવસ દરમિયાન એક કરોડથી પણ વધુની વિજ ચોરી ઝડપી લેવામાં આવી છે.

## નવરાત્રીમાં શ્રીફળના ભાવમાં ઉછાળો : તહેવારના દિવસોમાં સાઉથના વેપારીઓએ બનાવેલી રીંગના કારણે થયો વધારો

સુરત

સુરતમાં દર વર્ષે નવરાત્રી પહેલા શ્રીફળના ભાવમાં ઉછાળો આવે છે તેનું કારણ તહેવારના દિવસોમાં સાઉથના વેપારીઓએ બનાવેલી રીંગના કારણે સુરતમાં શ્રીફળના ભાવમાં વધારો થાય છે. જોકે, આ રીગ તુટી જાય છે ત્યારે ભાવમાં ઘટાડો થાય છે તેવું ફરી એક વાર બન્યું છે. સુરતમાં નવરાત્રી પહેલા શ્રીફળનો રીટેલ ભાવ ૪૦ રૂપિયાની આસપાસ પહોંચી ગયો હતો. પરંતુ સાઉથના વેપારીની રીગ તુટી જતાં હાલમાં ૩૫ રૂપિયા શ્રીફળનું વેચાણ થઈ રહ્યું છે. જોકે, હજુ પણ ખરાબ નારિયેળ નીકળે તેને બદલી આપતા વેપારીઓ ૪૦ રૂપિયામાં જ વેચાણ કરી રહ્યાં છે.

સુરતમાં નવરાત્રી દરમિયાન શ્રીફળની ડિમાન્ડમાં વધારો થાય છે તેથી સુરતના વેપારીઓ સાઉથના વેપારીઓ પાસેથી માલ વધુ માત્રામાં ખરીદે છે. સુરતમાં નવરાત્રીના દસ દિવસમાં ૫૦ લાખથી વધુ શ્રીફળનું વેચાણ થાય છે. તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને, કર્ણાટક પ્રાંતમાંથી શ્રીફળનો સ્ટોક આવે છે. પરંતુ આ દિવસોમાં ડિમાન્ડ વધુ અને સ્ટોક થોડો ઓછો હોવાથી ત્યાંના વેપારીઓ રીગ બનાવી ઉંચા ભાવે શ્રીફળ સુરત મોકલે છે તેથી સુરતમાં જ હોલસેલ ભાવ ૩૫ રૂપિયા જેટલો થઈ જાય છે તેને પરિણામે રિટેલ માર્કેટમાં શ્રીફળનો ભાવ ૪૦ રૂપિયા થઈ જાય છે. સુરતમાં શ્રીફળ નું વેચાણ કરનારા મુકેશ શાહ કહે છે, દક્ષિણ ભારતમાંથી નારિયેળ માટે ગાડી લોડીંગ થાય તે પહેલાં ભાવ અલગ હોય અને ગાડી લોડીંગ થાય ત્યાર બાદ પણ ભાવ વધારી દેવામાં આવતો હોય તેવા પણ કિસ્સા બને છે. તેથી અહી વેપારીઓએ ભાવ પણ વધારે કરવો પડે છે. જોકે, કેટલાક વેપારીઓ આ રીગ તોડી દે છે તેના કારણે શેર બજારની જેમ શ્રીફળના ભાવમાં પણ ઘટાડો થાય છે. નવરાત્રી પહેલા સુરતમાં રિટેલ માર્કેટમાં ૪૦ રૂપિયામાં શ્રીફળ મળતું હતું તે રીગ તુટી જતાં ૩૫ રૂપિયામાં વેચાઈ રહ્યું છે. જોકે, જે લોકો શ્રીફળ ખરાબ નીકળે તો બદલી આપે છે તેવા વેપારીઓ આજે પણ ૪૦ રૂપિયામાં જ શ્રીફળનું વેચાણ કરી રહ્યાં છે. આ પ્રકારની રીંગ સાઉથના વેપારીઓ જ્યારે શ્રીફળની ડિમાન્ડ હોય ત્યારે કરે છે તેથી સુરતમાં તહેવાર અને ડિમાન્ડ વધુ હોય તે દિવસોમાં શ્રીફળના ભાવ વધુ થઈ જાય છે.

સુરતમાં પૂજાના ઉપયોગમાં આવતા શ્રીફળ સાથે હોટલ-રેસ્ટોરન્ટ ઉપયોગમા આવતા નારિયેળનું પણ વેચાણ થાય છે. આ નારિયેળનું ફળ મોટું અને અલગ જ હોય છે અને તેનો ભાવ વધારે હોય છે. પહેલા આ નારિયેળ ૩૫ થી ૪૦ રૂપિયામાં મળતું હતું તેમાં હવે વધારો થતાં ૫૦ રૂપિયા પર પહોંચી ગયું છે. સુરતમાં સાઉથ ઈન્ડિયન ફુડ સાથે ચટણી પીરસવામાં આવે છે તે અને સુરતી પેટીસ બન્નેમાં નારિયેળનો ઉપયોગ ભરપૂર થાય છે. પૂજાના નારિયેળથી હોટલ-રેસ્ટોરન્ટ નારિયેળ અલગ પ્રકારના અને મોટા હોય છે અને સામાન્ય નારિયેળ કરતા તેનો ભાવ અલગ જ હોય છે. કેટલાક ફરસાણ વાળા અને કેટલાક સાઉથ ઈન્ડિયન ફુડવાળાઓ આ નારિયેળનો ઉપયોગ કરે છે. તેઓ માટે પણ હાલ કપરો સમય છે પહેલા આ નારિયેળ ૩૫ થી ૪૦ રૂપિયા વેચાણ થતું હતું, પરંતુ હાલમાં તેનો ભાવ ૪૫ થી ૫૦ રૂપિયા સુધીનો થઈ ગયો છે.

## વડોદરા ફૂડ સેફ્ટી પખવાડિયાની ઉજવણીમાં શાળાના વિદ્યાર્થીઓ અને લોકોને ભેળસેળ તેમજ ફૂડ સેફ્ટી અંગે જાગૃત કરાયા

વડોદરા,

ગુજરાત સરકાર દ્વારા હાલ તારીખ ૩ થી ૧૭ ઓક્ટોબર સુધી ફૂડ સેફ્ટી પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી દરમિયાન ફૂડનું ચેકિંગ કરીને નમુના લેવા ઉપરાંત જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ફુડ સેફ્ટી એકટ હેઠળ લાઈસન્સ/રજીસ્ટ્રેશનના ગરબા સ્થળોએ છ કેમ્પ કરવામાં આવેલ છે, જેમાં ૧૫ લાઈસન્સ તેમજ ૧૧૨ રજીસ્ટ્રેશન તાત્કાલિક કરી આપવામાં આવેલ છે. ૧૯ જેટલા અવેરનેશ કેમ્પ કરી ૨ લાખ લોકોને ફૂડ સેફ્ટી, ખોરાકમાં થતી ભેળસેળ અને નમૂનાની ચકાસણી સંદર્ભે અવેર કરવામાં આવ્યા છે. શાળાઓમાં પણ જઈને વિદ્યાર્થીઓને ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ સંદર્ભે જાણકારી આપવામાં આવી રહી છે.

ફૂડના પેકેટની ખરીદી વખતે ફૂડ બેસ્ટ બીફોર અને યુઝ બાય ડેટની ખાસ તકેદારી રાખવા, ઉત્પાદક કોણ છે, રજીસ્ટ્રેશન નંબર છે કે નહીં, વસ્તુ વેજ કે નોનવેજ છે, વજન બરાબર છે કે નહીં વગેરેની વિગતોથી વાકેફ કરવામાં આવી રહ્યા છે. ખાસ તો દૂધ, ચીઝ, બટર, ચા, મરચાની ભૂકી, ધાણા પાવડર, કોપરેલ, મધ, ખાંડ, મરી, અનાજ વગેરેમાં ભેળસેળ થઈ છે કે નહીં તેની શુદ્ધતા ચકાસવા માટેના ઘરગથ્થુ ઝડપી ઉપાયો પણ બતાવવામાં આવી રહ્યા છે. જેમ કે ચામાં લોખંડની કણીઓ હોય તો લોહચુંબક ફેરવવાથી કણીઓ ચોંટી જશે.

ચળકાટવાળા કાળા મરી હોય તો હાથ પર ઘસતા કેરોસીન જેવી વાસ આવશે. મરચાની ભૂકીમાં ભેળસેળ જેવું લાગે તો પાણીમાં નાખતા લાકડનો વહેર પાણી ઉપર તરવા માંડશે અને પાણી લાલ રંગનું થશે. આવા કેટલાય ઉપાયો બતાવ્યા હતા. આ ઉપરાંત ખાદ્ય પદાર્થોના વેપારીઓ અને ધંધાર્થીઓને ખાદ્ય પદાર્થો બનાવતી વખતે આરોગ્ય લક્ષી કઈ કઈ તકેદારી રાખવી, સ્વચ્છતા જાળવવી વગેરે બાબતો પર માર્ગદર્શન આપવામાં આવે છે.

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**ઇલેક્ટ્રિકલ કાર્ય**

ટેન્ડર નં. EL/50/1/25 (24-25) તારીખ: 10/10/2024 ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રીક પાવર), પશ્ચિમ રેલવે વડોદરા ડિવિઝનના વતી અને ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર નીચેના કામ માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર નંબર : BRC-EL-P- 12-2202- 24-25-R કામનું નામ : પ્રતાપનગર (WS).. પ્રતાપનગર વર્કશોપમાં પ્રિકાસ્ટ / આરસીસી કેબલ ટ્રેન્ચ અને ઇલેક્ટ્રિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના સુધારણા સંબંધિત ઇલેક્ટ્રિકલ કાર્ય. અંદાજિત કિંમત : ₹25,87,809.00 ઈએમડી : ₹51,800.00 ટેન્ડર ફી: NIL ઈ-ટેન્ડર સમાપ્તિ તારીખ : 04/11/2024 વેબસાઈટ વિગતો : www.ireps.gov.in 203

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**સહાયક ટ્રાન્સફોર્મર અને કેબલિંગ પ્રવૃત્તિની**

ટેન્ડર નોટિસ નં : EL/TRD/Tender/24-25/09R ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ડિવિઝનલ રેલ્વે મેનેજર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન), વડોદરા, નીચેના કામ માટે બંધ ટેન્ડરો આમંત્રિત કરે છે. ટેન્ડર નં : EL/TRD/Tender/24-25/09R કામનું નામ : વડોદરા વિભાગના વડોદરા વર્તુળમાં 25 KVA સહાયક ટ્રાન્સફોર્મર અને કેબલિંગ પ્રવૃત્તિની જોગવાઈ. કાર્ય ની અંદાજિત અવકાશ (રૂ.) : ₹27,71,380/ બિડ સિક્યોરિટી (રૂ.) : ₹55,400/- ટેન્ડરની રકમ અને કામ પૂર્ણ થવાનો સમયગાળો : કામ પૂર્ણ કરવાનો સમયગાળો 09 મહિના ટેન્ડરનો સમય સીડીયુલ : ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય 11/11/2024 ના 15-00 કલાકે. વેબસાઈટ વિગતો અને સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસ સરનામું સ્પસ્ટી કારણ માટે : ડિવિઝનલ રેલવે મેનેજર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 વેબસાઈટ વિગતો : www.ireps.gov.in 201

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**"પે એન્ડ યુઝ" કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને "પે એન્ડ યુઝ" કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન 21.10.2024 ના રોજ યોજાશે. ઈ-ઓક્શન 21.10.2024ના રોજ સવારે 11:00 વાગ્યે શરૂ થશે. આ યાદી www.ireps.gov.in વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે.

| કેટલોગ સંખ્યા | કરારના પ્રકારો | લોટ સંખ્યા | કરારનો સમયગાળો |
|---|---|---|---|
| C331-PnU-211024 | પે એન્ડ યુઝ | Pnu-Bars-CYI-Toi-8-24-1 (પે એન્ડ યુઝ - ટોયલેટ) છાયાપુરી રેલ્વે સ્ટેશન | 03 વર્ષ |

200

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કામો**

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | ટેન્ડર મૂલ્ય (રૂ.) | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | 126/2024-25-R | 4,87,86,356.31 | 3,93,900.00 |
| | સોનગઢ : ફૂટ ઓવર બ્રિજની જોગવાઈ સાથે લિફ્ટ વેલની જોગવાઈ. | | |
| 2 | 127-2024-25 | 34,40,114.93 | 68,800.00 |
| | ભાવનગર વિભાગની મંજૂર કામગીરી હેઠળ બોટાદ, ધોળકા અને ધોળા સ્ટેશન પર આરોગ્ય એકમોનું નવીનીકરણ અને સુધારણા. 8 સ્ટેશનો પર આરોગ્ય એકમોનું નવીનીકરણ અને સુધારણા. | | |
| 3 | 128-2024-25 | 47,73,550.09 | 95,500.00 |
| | ભાવનગર વિભાગ: લેવલ ક્રોસિંગ ગેટ નંબર 42/C (મોરૈયા-મટોડા) અને 35/C (શારખેજ-મોરૈયા) નું ઇન્ટરલોકિંગ | | |
| 4 | 129-2024-25 | 5,52,98,125.87 | 4,26,500.00 |
| | જેતલસર જં-સોમનાથ(SL)-TRR(P)- 26.000 કિ.મી. | | |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે : બિડ ખોલવાની તારીખ : 15/10/2024 બિડ બંધ થવાની તારીખ : 29/10/2024. NIT રેલવે વેબ સાઇટ www.ireps.gov.in પર તારીખ : 07-10-2024 ના રોજ અપલોડ કરવામાં આવી છે. 115

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**NARMADA MACPLAST DRIP IRRIGATION SYSTEMS LTD**

CIN: L25209GJ1992PLC017791
Reg. Off : Plot No. 119-120, Santej Vadsar Road, At. Santej, Tal. Kalol, Gandhinagar - 382721, Tel. 079-27498670
Email Id: narmadadrip@gmail.com
Website: www.narmadadrip.com

**EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON SEPTEMBER 30, 2024**

(Rs. In Lakhs)

| Sr. No. | PARTICULARS | Half year Ended: September 30, 2024 (Unaudited) | Half year Ended: September 30, 2023 (Unaudited) | Year Ended: 31.03.2024 (Audited) |
|---|---|---|---|---|
| 1. | Income<br>a) Revenue from operations (Net)<br>b) Other income | 98.10<br>20.38 | 5.50<br>6.33 | 181.27<br>22.23 |
| 2. | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 23.08 | 4.80 | 1.19 |
| 3. | Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | 23.08 | 4.80 | 1.19 |
| 4. | Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items) | 19.48 | 4.80 | 0.18 |
| 5. | Total Comprehensive Income for the period [Comprising Profit /(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 19.48 | 4.80 | 0.18 |
| 6. | Paid up Equity Share Capital | 362.30 | 362.30 | 362.30 |
| 7. | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations)<br>1. Basic:<br>2. Diluted : | 0.54 | 0.13 | – |

Notes:
1. The Above unaudited results have been reviewed by Audit Committee and approved by the Board of Directors of the Company in their meeting held on 12.10.2024. The Statutory Auditors have carried out limited review of the financial results for the quarter and half year ended on 30th September, 2024
2. The Above unaudited results have been prepared and presented as per Companies (Indian Accounting Standards) Rules, 2015 as amended ("Ind AS") prescribed under section 133 of the Companies Act, 2013 and in terms of Regulations 33 of the SEBI (Listing Obligations and Disclosure Requitements) Regulations, 2015 (the "Listing Regulations"), as modified by Circular dated August, 10, 2016
3. The above is an extract of the detailed format of Financial Results for the quarter ended on September 30, 2024 filed with the Stock exchanges as per SEBI (Listing Obligations and Disclosure Requirement) Regulations, 2015. The full format of standalone financial results are available on the website of BSE at www.bseindia.com.

By and order of the Board of Directors
For, NARMADA MACPLAST DRIP IRRIGATION SYSTEMS LTD
Sd/-
Name: Jiten Vrajlal Vaghasia
Whole-time Director
DIN: 02433557

Place : Ahmedabad
Date : 12.10.2024

# How Israel aiming for 'total victory' in West Asia is a bold, dangerous gamble



The Hassan Nasrallah assassination is a severe blow not only to Hezbollah but also to Iranian-backed proxies across the region. Hezbollah was Iran's closest ally and critical deterrent force, the central pillar of Tehran's "axis of resistance". For Israel, his death was a bold escalatory step. His death and the limited ground invasion into Lebanon that followed resulted in a retaliation from Iran, with them launching nearly 200 ballistic missiles at military targets in Israel.

Since October 7 last year, Israel has consistently demonstrated a willingness to up the ante in its fight against Hamas's regional backers, including Iran and Hezbollah. Over the last year, Israel has been systematically killing top operatives of Hezbollah and the Islamic Revolutionary Guard Corps (IRGC). It has steadily degraded Iran, based on the premise that Iran was unwilling to enter a full-scale war with Israel. Simultaneously, Israel also felt it needed to take decisive military action regardless of the costs in order to manage and contain the threats on its borders. With its deterrence and invincibility having suffered and the manner in which the war in Gaza is progressing in spite of the large-scale destruction and collateral damage inflicted, Israel has now turned its focus on Hezbollah and Iran. Its recent attacks in Iran and Lebanon have also demonstrated both the degree to which its intelligence agencies have extensively penetrated both Iranian and Hezbollah networks as well as its vast mining of data and technological edge. The risks that the Gaza War could ignite a wider regional conflict, including a direct confrontation between Israel and Iran, were apparent from the outset. Hezbollah entered the fray and began launching cross-border attacks on northern Israel on October 8. Israel responded with increasingly expansive counterattacks. The violence led to the displacement of tens of thousands of Israeli and Lebanese civilians on both sides of the border and laid bare the reality of a region.

Many clung to the illusion that the conflict on the northern front could be contained because no one wanted a full-scale war. Hezbollah largely limited its attacks to targets close to the border, which were within the rules of engagement. But as the fighting in Gaza dragged on, both Israel and Hezbollah tested the elasticity of their red lines with attacks that reached deeper into each other's territory. Even though the casualty count rose, the conflict remained containable.

The risk that a full-scale war could erupt was a given. One was the possibility of miscalculation that an attack by one party would lead to unanticipated casualties and force the other side into an unwanted war. This came to the fore with Israel's attack on an Iranian diplomatic facility in Damascus that killed top Iranian commanders in early April. Iran retaliated by launching its first-ever direct missile attack on Israel. A US-led coalition was able to repel the strike and quickly contain it, but the attacks demonstrated how tensions quickly escalate, and this is repeating itself again.

The other factor leading towards a full-scale war is a change in strategy. There is no doubt that Israel has its reasons for upscaling up its attack on Hezbollah in Lebanon, even when preoccupied in Gaza. Maybe Israel feels it has dealt a blow to Hamas and has now turned its attention towards the North.

After the Hamas attacks, Israel felt the pressure of an active Hezbollah on its border and has the feeling that a diplomatic solution would not deter future attacks. Moreover, Israel may have assessed that Hezbollah and Iran were reluctant to go too far in their military conflict with Israel. Before Iran's latest missile attack, Israel indicated that it only planned to carry out a limited military operation into Lebanon and not to occupy Southern Lebanon again. But there are no guarantees the war will remain limited or short, based on the history of conflict between the two and given the likely resistance Israel will face from Hezbollah, even in its diminished state.

With direct Iranian-Israeli confrontation as the backdrop, the Lebanese war front could intensify further. Israel, by its pager and walkie-talkie explosions, was determined to change the equation with Hezbollah. The question now is how far Israel plans to go. If Gaza is any indication, Lebanon and its people may face increasing violence in the weeks ahead. As per Save the Children, families are struggling to find safety in shelters, and at least one million people—a fifth of the population—are now displaced. In addition, a number of Syrian refugees who had taken shelter in Lebanon are now returning to Syria.

Iran is also facing a dilemma regarding how to respond to Nasrallah's death and Israel's targeting of Hezbollah. The manner in which Iran responded to the killing of Ismail Haniyeh in Tehran in late July indicated a degree of caution and willingness to avoid a wider regional war. As per General Syed Ata Hasnain, Iran is a reluctant fighter and has only done lip service to response, and this has been reinforced by Ambassador Talmiz Ahmed, who stated that Iran's response was calculated and restrained and more a demonstration of capacity.

But Israel's recent attacks have increased pressure within Iran to respond more forcefully and to support its proxies. The response needed to be overt, and the veil of 'plausible deniability' needed to be removed. Their leaders might also have assessed that Israel was prepared to attack Iran directly, emboldened by the weakened state of Iran's most lethal deterrent against Israel, Hezbollah. Prime Minister Benjamin Netanyahu reinforced this by his statement on September 30, in which he stated, "There is nowhere in the Middle East Israel cannot reach." Tehran therefore acted by launching missiles at Israel for the second time on October 1. Its targets included military facilities in heavily populated parts of Israel. As before, Israel's missile defence system, the Iron Dome, David's Sling and Arrow 2 & 3, and US military assistance successfully repelled the attack, limiting the damage. However, if these attacks increase in scale, they will begin to put pressure on its missile defence system.

Netanyahu has now declared that Iran "would pay" for the attack. Given the direct nature of Iran's strike and Israel's expanding target list, Israeli retaliation is nearly certain. What is less certain is whether this new round of direct Iranian-Israeli confrontation will end as quickly as the April exchange. Israel might now decide to seize the opportunity to increase the targeting of IRGC commanders or even Iranian political leaders and strike oil installations or even Iran's nuclear facilities. Each of which has its own ramifications.

But there is also the possibility that Israel may limit its response to another calibrated and targeted strike on Iran, as it did in April, allowing both sides to step back from the brink. One could be US resistance to expanding the war. There are reports that Iranian-aligned militia forces in Iraq have threatened to target US personnel if the US intervenes, and it is unlikely that President Joe Biden would like to seek a direct war with Iran with the presidential elections due next month. But in war, nothing can be ruled out. On the other hand, there is speculation that Iran could respond to the degradation of its proxy deterrence and compensate for its own conventional military weakness by moving toward weaponisation of its nuclear program. This would only increase the risk of Israeli attacks on Iranian nuclear sites.

Israeli forces remain deeply entrenched in Gaza, maintaining control in the Philadelphi corridor on the border with Egypt. In the West Bank, Israeli settlement expansion continues. Israeli Defence Forces' (IDF's) incursions into Palestinian cities, such as massive raids in Jenin and Tulkarm, have increased in recent months as control by the Palestinian Authority weakens. An Israeli ground movement into Lebanon is underway, and there is talk about the possibility of reinstating a buffer zone in southern Lebanon, similar to the one Israel established after its invasion of Lebanon in 1982 and maintained until Israel's unilateral withdrawal in 2000. If operations continue, Israel could, by design or by default, end up reoccupying parts or all of Gaza, the West Bank, and even southern Lebanon. Israel's degradation of Hamas and Hezbollah will deepen the belief that only hard power can make them secure. High-tech fences were not enough to keep Hamas out. While missile defence limits the damage an adversary can inflict, there is a feeling that by taking the fight to the enemy and reoccupying land, Israel will be secure. But is seizing land the best road to ensure security? Reoccupations will squash Palestinian aspirations for a two-state solution of Palestine co-existing in peace with Israel and destabilise the entire region. Also, the steps being taken presently by Israel could undo decades of efforts by previous Israeli Prime Ministers for peace in the region.

Tragically, the picture today is one of continued fighting, increasing death tolls, physical destruction, mass displacement, and pathetic humanitarian conditions. Meanwhile, the remaining Israeli hostages, who we hope are still alive, continue to languish in the tunnels beneath Gaza. It's a dangerous moment as conventions governing escalation have been cast aside and peace and prosperity seem an illusion.

In the current escalatory environment, US and international efforts to encourage a diplomatic settlement to the war in Lebanon or Gaza are unlikely to succeed, even though calls for a cease-fire have become shriller in view of the confrontation between Israel and Iran. Declaring UN Secretary General as a persona non grata by Israel is a pointer that they are not looking towards a diplomatic solution but looking for total victory. There is also a school of thought that states that Israeli Prime Minister Benjamin Netanyahu's political survival and popularity and the stability of his government depend on war. In addition, there are feelings that Israel has the tacit approval of the US. Though we are in a period characterised by the constant conflict, the question remains as to whether there is the possibility of a brighter future in the region after the war. Continued military conflict and occupation harm everyone. A case in point being Iraq and Afghanistan. Clausewitz's famous dictum, "War is a continuation of politics by other means," implies that while the military can achieve its objectives, the political end needs to be defined. If the Netanyahu government's objectives include Israeli reoccupation of Gaza and southern Lebanon, greater control over the West Bank, and a change of leadership in Iran, victory is unlikely to result in perpetual peace.

## Like Dubai, Hong Kong Now Shopping Festival in Ahmedabad

### 95-day festival to connect small retailers with branded, 10 to 60% discounts; Customers will get free transportation

Ahmedabad

Shopping festivals held in countries like Dubai, Hong Kong, Singapore have been organized in Ahmedabad. A shopping festival will be held from October 12 (Dussehra) to January 14 (Uttarayan) as a joint initiative of the Ahmedabad Municipal Corporation and the state government. This 95-day shopping festival will be held at 14 locations including four main locations namely Sindhubhan Road, CG Road, Kankaria- Maninagar Road and Nicol Model Street. By October 10, hotels, restaurants, big branded shops, shopping complexes, small shopkeepers will also join this shopping festival. Traders and consumers have to register to join this festival. Customers will get free bus facility while going to this festival.

Jewelers will also join the festival

More than 1000 traders have approached Principal Corporation to join the Ahmedabad Shopping Festival 2024 by October 10. Branded companies and retailers like Reliance Retail, Sankalp Restaurants, ITC Narmada, Crowne Plaza, Zomato, Book My Show etc. will join the shopping festival. They will give discounts ranging from 10 percent to 60 percent to the customers. Jewelers from CG Road, Shivaranjani and Manekchowk will also join the festival. Ahmedabad Shopping Festival 2024-25 will be launched by Ahmedabad Municipal Corporation and Gujarat Tourism Department on October 12 at Oxygen Park



on Sindhubhan Road by Chief Minister Bhupendra Patel. On 12th and 13th October 2024 at Sindhu Bhavan from 6 to 9 PM for 50 to 60 minutes with colorful programs, lighting, decorations. The slogan of Shopping Festival 2024 is Something For Everything.

Selection of the most crowded places for the festival

Deputy Municipal Commissioner Mirant Parikh said in a conversation with Divyabhaskar that the shopping festival has been organized in Ahmedabad like the shopping festival held abroad. A shopping festival consists of a street where shoppers join. But in the Yojana Shopping Festival planned by the Municipal Corporation, the shopkeepers are being engaged in the shopping festival at their own place of business. During the shopping festival, the places where most people come for shopping have been identified. Where there will be food zone, shopping and artisan zone, music and cultural activity zone, sports zone and entertainment zone.

Special installations like light tunnels, selfie points and themed light decorations will be displayed to the participants of the lucky draw. A host of exciting activities including music festivals, flea markets, stand-up comedy shows, street-based music and cultural performances, fashion shows, magic shows, poetry readings and Gujarati film screenings will be organized here. In addition, various sports activities like boat racing, boxing, marathon, cycling, happy street events, robo fight, drone show and fire show will be organised. One can take advantage of the coupons by participating in the lucky draw and have a chance to win exciting prizes. LED screens, hoardings, gantries, road surface painting with ASF logo, wall painting, large banners, light installations, shopping bags and merchandise etc. will be used for branding of the shopping festival.

The shopping festival has been organized by the Ahmedabad Municipal Corporation and the state government. A separate website and app will be launched for this shopping festival. Any trader or citizen can register on the website. Merchants can participate in the shopping festival by registering on the website. Citizens will also get information from the website about which shops, malls and brands have participated in the shopping festival and which discounts will be given, etc. The municipal corporation has also decided to provide free travel in AMTS buses to citizens who want to go shopping in the shopping festival organized at Sindhubhan Road, CG Road, Nicol Modern Street and Kakariya Maninagar Road. Citizens who register on the shopping festival website will be given a QR code. By scanning this code in the bus, they will get a free ride to the designated shopping destination by showing the QR code.

## Mangarol gang-rape case accused dies, cardiac arrest suspected

### Shivshankar had difficulty breathing during interrogation, was on ventilator in Surat Civil

Bardoli

Saghira was gang-raped on October 8 in the vicinity of Big Borsara in Mangrol, Surat. On coming to know about this, the police immediately identified the three foreign accused. After that, the Surat Crime Branch was informed that the accused were in Mandvi's Tadekeshwar, and the police reached there. But on seeing the police, the three accused were going to flee and the police opened fire. Among these 3 accused, 2 Naradham alias Munna Karbali Paswan and Shiv Shankar alias Dayashankar Chaurasia were nabbed by the police, while the accused named Raju was absconding. However, this afternoon, the accused, Shivshankar Chaurasia, suffered from breathing problems, so he was put on ventilator in Surat Civil, where he died.During interrogation, the accused Shiv Shankar's health deteriorated before Surat City Police Commissioner Anupam Singh Gehlot and IG Premveer Singh were going to hold a press conference at 2.30 pm. Regarding this, LCB PI Rajesh Bhatol said that during the interrogation, the accused was taken to Kamraj Health Center at 1.30 pm due to breathing problem. The police then took him to the Civil Hospital, where he died. A forensic PM will be conducted to find out the reason behind the deterioration of health, while another accused will be produced in court.

Cardiac arrest appears to be: Dr. Ketan Nayak

Surat Civil Resident Medical Officer (RMO) Dr. Ketan Nayak said that the cause of death will be known only after the post-mortem. According to my doctor it appears to be a cardiac arrest as CPR was administered and put on a ventilator.

**WESTERN RAILWAY - VADODARA DIVISION**

**AUXILIARY TRANSFORMER AND CABLING ACTIVITY**

**Tender No. EL/TRD/Tender/24-25/09**R Tenders for and on behalf of The President of India are invited by Divisional Railway Manager (Electrical Tr.D) Western Railway, Pratapnagar, Vadodara-390 004 for the following works. **Tender No :** EL/TRD/Tender/24-25/09R **Name of Work :** Provision of 25 KVA Auxiliary Transformer and cabling activity at Vadodara periphery of Vadodara Division. **Approximate cost of the work (In Rs.) :** ₹27,71,380/- **Bid security (In Rs.) :** ₹55,400/- **Cost of Tender documents and completion period :** Completion period 09months **Tender scheduled :** Tender closing date 11/11/2024 and time of closing at 15-00 hrs. on the same date **Web page particulars and notice for location where complete details can be seen & address of the office and clarification :** Divisional Railway Manager (Electrical Tr.D) Western Railway. Pratapnagar, Vadodara- 390 004 **Web site :** www.ireps.gov.in 201

Like us on: facebook.com/WesternRly

**WESTERN RAILWAY - BHAVNAGAR DIVISION**

**VARIOUS ENGINEERING WORKS**

| Sr. No. | E-Tender No & Name of Work | Tender Value (Rs.) | EMD Rs. |
|---|---|---|---|
| 1 | 126/2024-25-R | 4,87,86,356.31 | 3,93,900.00 |
| | Songadh: Provision of Foot Over Bridge at with provision of Lift Well | | |
| 2 | 127-2024-25 | 34,40,114.93 | 68,800.00 |
| | Renovation and improvement of Health units at Botad Dholka and Dhola stations against sanctioned work of Bhavnagar Division Renovation and improvement of Health units at 8 stations. | | |
| 3 | 128-2024-25 | 47,73,550.09 | 95,500.00 |
| | Bhavnagar Division: Interlocking of Level Crossing gate No. 42/C (Moraiya-Matoda) & 35/C (Sharkhej-Moraiya) | | |
| 4 | 129-2024-25 | 5,52,98,125.87 | 4,26,500.00 |
| | Jetalsar Jn.-Somnath (SL)-TRR (P)- 26.000 Tkm. | | |

For All above Tender : Bidding Start Date: 15/10/2024 Bidding Closing Date : 29/10/2024
NIT has been uplo aded on railway web site www.ireps.gov.in on **Date : 07-10-2024** 115

Like us on: facebook.com/WesternRly • Follow us on: twittter.com/WesternRly

**WESTERN RAILWAY - VADODARA DIVISION**

**ELECTRICAL WORKS**

**NOTICE INVITING TENDER EL/50/1/25 (24-25) Date: 10/10/2024** Divisional Railway Manager (Elect). Western Railway, Vadodara Division for and on behalf of the president of India, invites E-Tender on Indian Railways website www.ireps.gov.in from experienced and reliable contractors for the following works- **Tender No :** BRC-EL-P-12-2202-24-25-R **Name of work :** Pratapnagar (WS).. Electrical works in connection with precast/RCC cable trench and improvement of electrical infrastructure in pratapnagar workshop. **Estimated Cost (Rs) :** ₹25,87,809.00 **EMD (Rs) :** ₹51,800.00 **Tender fees (Rs) :** NIL **E-Tender closing Date :** 04/11/2024 **Website particulars :** www.ireps.gov.in 203

Like us on: facebook.com/WesternRly

**WESTERN RAILWAY - BHAVNAGAR DIVISION**

**AUXILIARY TRANSFORMER WORKS**

**Notice for Inviting E-Tender No : DRM/TRD/BVP/2024-25/01 Dt.07.10.2024** The Divisional Railway Manager (TRD) Western Railway, Bhavnagar Para invites E-tender on behalf of President of India for the following work.**Tender No :** 07-TRDBVP-2024-25-R **Name of Work :** Auxiliary Transformer works of TRD Department in connection with Supply installation, testing and commissioning of signalling gears in connection of (1) Dhasa-Rajula: Interlocking of LC gate No. 41 (2) Dhasa-Rajula: Interlocking of LC gate No. 56. **Tender amount :** ₹10, 65, 551.18/- **Tender fee :** NIL **EMD Amount :** ₹21, 300/- **Address :** DRM (Traction) BVP, DRM Office, Bhavnagar Para-364003 The bidders have to apply online through link i.e. www.ireps.gov.in only. For further details please visit website www.ireps.gov.in. Last date to apply online will be 18.11.2024 up to 15:00 hrs for above mentioned tenders. 114

Like us on: facebook.com/WesternRly

**WESTERN RAILWAY - VADODARA DIVISION**

**E-AUCTION FOR THE CONTRACTS OF "PAY & USE"**

With reference to the above, e-Auction for the contract of Pay & Use Contract will be held on 21.10.2024. The e-auction will start at 11:00 hrs. on 21.10.2024. The catalogue has already been published on www.ireps.gov.in website. The details are furnished as under

| Catalogue No. | Type of Contract | Lot No. | Contract Period |
|---|---|---|---|
| C331-PnU -211024 | Pay & Use | PnU-BRC-CYI-Toi-8-24-1 (Pay and Use - Toilets) Chhayapuri Railway Station | 03 Years |

200

Like us on: facebook.com/WesternRly • Follow us on: twittter.com/WesternRly

**NARMADA MACPLAST DRIP IRRIGATION SYSTEMS LTD**

**CIN: L25209GJ1992PLC017791**

**Reg. Off :** Plot No. 119-120, Santej Vadsar Road, At. Santej, Tal. Kalol, Gandhinagar - 382721, **Tel.** 079-27498670

**Email Id:** narmadadrip@gmail.com

**Website:** www.narmadadrip.com

**EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON SEPTEMBER 30, 2024**

(Rs. In Lakhs)

| Sr. No. | PARTICULARS | Half year Ended September 30, 2024 (Unaudited) | Half year Ended September 30, 2023 (Unaudited) | Year Ended 31.03.2024 (Audited) |
|---|---|---|---|---|
| 1. | Income<br>a) Revenue from operations (Net)<br>b) Other income | 98.10<br>20.38 | 5.50<br>6.33 | 181.27<br>22.23 |
| 2. | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 23.08 | 4.80 | 1.19 |
| 3. | Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | 23.08 | 4.80 | 1.19 |
| 4. | Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items) | 19.48 | 4.80 | 0.18 |
| 5. | Total Comprehensive Income for the period [Comprising Profit /(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 19.48 | 4.80 | 0.18 |
| 6. | Paid up Equity Share Capital | 362.30 | 362.30 | 362.30 |
| 7. | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations)<br>1. Basic:<br>2. Diluted : | 0.54 | 0.13 | – |

Notes:

1. The Above unaudited results have been reviewed by Audit Committee and approved by the Board of Directors of the Company in their meeting held on 12.10.2024. The Statutory Auditors have carried out limited review of the financial results for the quarter and half year ended on 30th September, 2024
2. The Above unaudited results have been prepared and presented as per Companies (Indian Accounting Standards) Rules, 2015 as amended ("Ind AS") prescribed under section 133 of the Companies Act, 2013 and in terms of Regulations 33 of the SEBI (Listing Obligations and Disclosure Requitements) Regulations, 2015 (the "Listing Regulations"), as modified by Circular dated August, 10, 2016
3. The above is an extract of the detailed format of Financial Results for the quarter ended on September 30, 2024 filed with the Stock exchanges as per SEBI (Listing Obligations and Disclosure Requirement) Regulations, 2015. The full format of standalone financial results are available on the website of BSE at www.bseindia.com.

By and order of the Board of Directors
For, NARMADA MACPLAST DRIP IRRIGATION SYSTEMS LTD
Sd/-
Name: Jiten Vrajlal Vaghasia
Whole-time Director
DIN: 02433557

Place : Ahmedabad
Date : 12.10.2024

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editor : Mayur C. Bhatt